GJGS020024132024

અરજી પ્રાપ્તિ તારીખ : ૧૨/૦૭/૨૦૨૪
અરજી દાખલ તારીખ : ૧૨/૦૭/૨૦૨૪
અરજી નિર્ણય તારીખ : ૨૫/૦૩/૨૦૨૬
સમયગાળો : ૦૧–વર્ષ,૦૮–માસ,૧૩–દિવસ

==========================================================

**મહે.વેરાવળનાં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વેરાવળ.**

==========================================================

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૭૨/૨૦૨૪**
**આંક :–**

(૧) આફરીનબેન ડો./ઓ. મુસ્તાકભાઈ મુગલ,
વા./ઓ. જાવેદ સલીમ જમાદાર,
ઉ.વ.આ.૨૫, ધંધો : ઘરકામ,
(૨) આમીન જાવેદ જમાદાર,
ઉ.વ.આ. ૫,
રહે. બન્ને ગરીબ નવાઝ કોલોની સોમનાથ ટોકીઝ,
વેરાવળ, જી. ગીર સોમનાથ.
મો.નં. ૯૭૭૩૪૭૮૦૬૧ **....અરજદાર**

**–:: વિરૂધ્ધ ::–**

(૧) જાવેદ સલીમ જમાદાર, (પતિ)
ઉ.વ.આ.૩૩, ધંધો : વેપાર,
(૨) સલીમ અબ્દેમાન જમાદાર, (સસરા)
ઉ.વ.આ.૫૦, ધંધો : વેપાર,
(૩) યાસ્મીન સલીમ જમાદાર, (સાસુ)
ઉ.વ.આ. ૪૫, ધંધો : ઘરકામ,
રહે. બધા અલીભાઈ સોસાયટી, નેશનલ મેડીકલ સામે,
સલમાન પેલેસ, વેરાવળ, જી. ગીર સોમનાથ. **....સામાવાળા**

---

અરજદાર તરફે :વિ.વ.શ્રી ટી.એન.જેઠવા
સામાવાળા તરફે :વિ.વ.શ્રી એ.આઈ.સુમરા

---

**બાબત :– ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળ અરજી.**

**–:: ઠ રા વ ::–**

**(૧) અરજદારની અરજીની ટુંકમાં વિગત :–**

અરજદારની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારના નિકાહ આ કામના સામાવાળા સાથે તા.૧૮/૦૮/૨૦૧૭ ના રોજ મુસ્લીમ જ્ઞાતિના રીત રીવાજ મુજબ તુરક જમાત ખાનામા વેરાવળ મુકામે થયેલ, ત્યારથી અરજદારના આ કામના સામાવાળા નં.૧ પતિ તથા સામાવાળા નં.ર સસરા તથા સામાવાળા નં.૩ સાસુ થાય છે. અરજદારનાં નિકાહ થયા પછી અરજદારને આ કામના સામાવાળા તેના પરીવાર સાથે તેમના ઘરે વેરાવળ મુકામે નિકાહના હક્કો પુરા કરવા લઈ ગયેલા નિકાહમાં અરજદારને આપવામાં આવેલ તમામ કર કરીયાવર તથા દર દાગીના તથા ભેટ સોગાદ સાથે અરજદારના પતિ, સાસુ, સસરા, સાથે સંયુકત કુટુંબમાં રહેતા હતાં. અરજદારના પતિ સાસુ સસરા, સાથે સંયુકત કુટુંબમાં રહેવા લાગેલા લગ્ન બાદ છ થી સાત મહીના અરજદારને સારી રીતે રાખેલા, ત્યારબાદ અરજદારના સાસુ ઘરકામ બાબતે મેણા ટોણા મારતા, તેમજ ઘરનું બધુજ કામ કાજ અરજદાર પાસે કરાવતા હતા તેમ છતા ઈજ્જતદાર માતા પિતાની દીકરી હોવાના નાતે આજે નહીતો કાલે સુધારો આવશે તેમ સમજી સાસુનો તમામ દુઃખ ત્રાસ સહન કરતા હતા. તેમજ અરજદારના પતિ, સાસુ તથા સસરા વારંવાર અરજદારને શારીરીક માનસિક દુ:ખ ત્રાસ આપતા હતાં અને કામ કાજ બાબતમાં અરજદારને ગમે તેમ બોલતા જમવાનું બનાવતા આવડતુ નથી, તને ઘરનું કામ કાજ કરતા આવડતુ નથી એમ કહીને અરજદાર સાથે લડાઈ ઝગડા કરતા અને અરજદારના પતિને તેઓના સાસુ કાન ભંભેરણી કરતા હતાં જેથી અરજદારના પતિ અરજદારને માર કુટ કરતા હતાં તેમજ અરજદારને ગાળો દેતા અને જ્યારે અરજદારને સામાવાળા મારકુટ કરતા ત્યારે અરજદારના પતિ, સાસુ, સસરા વારાફરતી તેઓને મારકુટ કરતા આમ અરજદારના નિકાહના થોડા સમય બાદથી માનસિક શારિરીક દુ:ખ

ત્રાસ આપેલ તે અરજદારએ સહન કરેલ આમ અરજદારના પતિ સાસુ, સસરા, કર કરીયાવર બાબતે મેણા ટોણા મારતા અને કરીયાવર ઓછો લાવેલ છે તે બાબતે અરજદારને મેણા ટોણા મારતા હતા. ત્યારબાદ અરજદાર તથા અરજદારના પતિ વચ્ચે કોઇપણ જાતની વાતચીત થતી હોય કે ઝગડો થતો હોય ત્યાં મારા સાસુ વચ્ચે આવી અને અરજદારને મનફાવે તેવું બોલી લેતા તેમજ માર કુટ કરી લેતા હતા. અરજદારના નિકાહના છ મહીના બાદ સારા દિવસો હતા જેથી અરજદારની આશા હોસ્પીટલમાં દવા ચાલુ હતી ત્યારે અરજદારને છઠા મહીને ચાર ટકા લોહી થઈ ગયેલ જેથી અરજદારના સાસુને ડોકટર આશા બહેને કહેલ કે અરજદારને દાખલ કરવા પડશે પરંતુ અરજદારના સાસુએ તેઓને દવાખાનામાં દાખલ કરેલ નહી અને ઘરે લઈ ગયેલ અને કહેલ કે પાણી વધારે પીવાનું, બીટનું જ્યુશ પીવાનું એટલે સારૂ થઈ જશે દવાખાને દાખલ થવાની જરૂર નથી. અને અરજદારના પતિ સાસુ, સસરા ત્રણેયે અંદરો અંદર વાત ચીત કરી અને નક્કી કરી લીધુ કે અરજદારનો છઠા મહીને ખોળો ભરીને માવતરે મોકલી દેવાના છે કારણ કે દવાખાનાનો ખર્ચ આ કામના સામાવાળાને ન કરવો પડે જેથી અરજદારનો છઠા મહીને ખોળો ભરી અને માવતરે મોકલી આપેલ. ત્યાં અરજદારના માવતરે અરજદારને તાતકાલીક બે લોહીની બાટલા ડો. માખણસામાં ચડાવેલ હતા. અરજદારની ડીલેવરી માવતરના ઘરે થયેલ તેનો તમામ ખર્ચ તેઓના માતાએ ઉપાડેલ કારણ કે અરજદારના પિતા તેઓને તથા તેઓની માતા તથા બહેનને છોડીને બોમ્બે પાંચ વર્ષ પહેલા જતા રહેલ છે અને તેઓના પિતા દારૂ પીવાની ટેવ વાળા હોય દારૂ પીય અને તેઓના માતાને મારકુટ કરતા તેમજ ગાળો દેતા તેમજ તેઓ બને બહેનોને પણ માર કુટ કરતા હતા અને હાલમાં તેઓના માતા પાંચ ઘરના ઘરકામ કરીને તેઓનું ગુજરાન ચલાવે છે અરજદારને ભાઈ ન હોય તેમજ નાની બહેનના નીકાહ થઈ ગયેલ છે. અરજદારના પતિ તથા સાસુએ કહેલ કે અરજદારની ડીલેવરી આદિત્ય બીરલા પ્રાઈવેટ હોસ્પીટલમાં કરવાની છે સરકારી હોસ્પીટલમાં કરવાની નથી. જેથી તેઓના માતાએ અરજદારની ડીલેવરી આદિત્ય બીરલા પ્રાઈવેટ હોસ્પીટલમાં કરાવેલ ત્યાં પુત્ર આમીનનો તા.૧૯/૧૨/૨૦૧૮ ના રોજ જન્મ થયેલ જન્મ વખતે સામાવાળાઓ હોસ્પીટલમાં આવેલા અને છઠીમાં પણ આવેલ હતા. અને આમીનના જન્મના બે મહીના પછી અરજદારને તેડી ગયેલ. ત્યારબાદ અરજદારને સારી રીતે રાખતા નહી અને પુરતો ખોરાક જમવા માટે આપતા નહી અને તેઓના સાસુ થોડુ ઘણુ જમવાનું બનાવે જેથી જમતી વખતે જમવાનું ઘટે અને અરજદારને જમવાનું ઓછું આપતા.

વધુમાં જણાવેલ કે, અરજદારનો પુત્ર આમીન સાત મહીનાનો હતો ત્યારે તેઓને પહેરેલ કપડે તેઓના પતિએ કાઢી મુકેલ અને તેઓ માવતરે બે ત્રણ મહીના રહેલા ત્યારબાદ ઘરમેળે સમાધાન કરી તેડી ગયેલ ત્યારબાદ પુત્ર આમીન સવા બે વર્ષનો થયેલ ત્યારે પણ પહેરેલ કપડે કાઢી મુકેલ ત્યારબાદ અરજદારના સાસુ તથા નાની સાસુ અરજદારને તેડી ગયેલ, અરજદારને પુત્ર આમીનના જન્મ બાદ વેરાવળ મુકામે સંયુકત કુટુંબમાં રહેતા હતા ત્યાં પણ તેઓના પતિને તેમના માતા ચડામણી કરતા જેથી તેઓના પતિ તેઓને મારકુટ કરી પાંચથી છ વખત પહેરેલ કપડે માવતરે કાઢી મુકેલ છે, અને ઘરમેળે વડીલો મધ્યસ્થીઓથી સમાધાન કરી અને અરજદારના પતિ તેઓને તેડી ગયેલ. અરજદારને કરીયાવરમાં તેઓના માવતરે રૂ.૧,૦૦,૦૦૦/– પુરાનું ફર્નીચર તથા સોના તથા ચાંદીના દાગીના તેમજ નાની મોટી ઘરની ઘરવખરી આપેલ છે જે તમામ કર કરીયાવર સામાવાળાને ત્યા પડેલ છે. અરજદારને તેઓના પતિ તથા સાસુ અવાર નવાર તારા માવતર પાસેથી પૈસા લઈ આવ તેમજ ઘટતી ઘરની ઘર વખરી પણ લઈ આવ તે કહીને અવાર નવાર ટોચર કરતા જેથી અરજદારે તેઓના માવતરેથી ઘટતી વસ્તુઓ લઈ આવેલ અને તેઓના પતિ તથા સાસુને આપેલ. આ કામના અરજદારના પતિ, સાસુ, સસરા, સાથે મળીને અરજદારને શારીરીક માનસિક દુ:ખ ત્રાસ આપી અને અરજદારને તલાક દેવા માંગે છે. પરંતુ અરજદારના સાસુ તુ મારા દીકરાને ગમતી નથી તારી જગ્યાએ હું નવી વહુ લાવીશ તું ઘરની બહાર નિકળી જા તું અમને જોઇતી નથી તેમ કહેતા પરંતુ અરજદાર ગરીબ પરીવારમાંથી હોય તેમજ તેઓના માતા પાંચ ઘરના કામ કરી તેનું ગુજરાન ચલાવતા હોય જેથી તેઓ મુંગા મોઢે દુ:ખ ત્રાસ સહન કરતા હતાં. અરજદારને તેઓના પતિ સાસુ, સસરા મારકુટ કરીને તા.૧૦/૦૪/૨૦૨૧ ના રોજ સાંજના ૬ વાગ્યે અરજદારને પુત્ર આમીન સાથે પહેરેલ કપડે કાઢી મુકેલ છે ત્યારથી ઓશીયાળું જીવન જીવે છે, અરજદારની નાની બહેન સીમરનના નિકાહના ત્રણ મહીના પછી થયેલા ત્યારે તેઓના પતિ નિકાહમાં આવેલા પરંતુ અરજદાર કે પુત્ર આમીન માટે કપડા લતા પણ લઈ આવેલ નહી કે અરજદારને તેમની સાથે તેડી પણ ગયેલ નહી. ત્યારથી અત્યાર સુધી તેઓ માવતરે ઓશીયાળુ જીવન જીવે છે. અરજદાર છેલ્લા ત્રણ વર્ષથી માવતરે રહે છે, ત્યાં તેઓના પતિ રાત્રીના ૧૧ વાગ્યે, ૧૨ વાગ્યે આવીને અવાર નવાર મારકુટ કરીને જતા રહેલ છે પરંતુ તેઓને ઘર ચલાવવું હોય જેથી બધો ત્રાસ મુંગે મોઢે સહન કરે છે.

વધુમાં તેઓએ જણાવેલ કે, અરજદારના પતિ તથા સાસુ તા.૦૮/૦૬/૨૦૨૪

ના રોજ રાત્રીના ૮ વાગ્યે અરજદારના માવતરના ઘરે આવીને કહેલ કે આ તલાકના કાગડીયા છે તેમાં તું સહી કરી દે જેથી તેઓએ સહી કરવાની ના પાડતા તેઓના સાસુએ તેઓને પકડી રાખેલ અને તેઓના પતિએ તેઓને ગાલમાં જાપટ મારેલ અને વાળ ખેંચી લીધેલ જેથી તેઓના માતાએ વચ્ચે પડી તેઓને છોડાવેલ તને તલાક આપવાની છે તેમ તેઓના પતિ તથા સાસુ કહી જતા રહેલ છે. આ કામના સામાવાળાએ અરજદારને તેડી જવા માટે આજદિન સુધી કોઇ પ્રયત્ન કરેલ નથી તેમજ અરજદારનો બહીષ્કાર કરેલ છે. ત્યારથી અરજદારના માવતરે રહે છે અને ઓશીયાળુ જીવન જીવે છે, અરજદાર ગરીબ પરીવારના છે, આ કામના સામાવાળાએ અરજદારને કપડા લતાં ખાધાખોરાકી કે અન્ય ખર્ચાઓની આજદિન સુધી કોઈ વ્યવસ્થા કરેલ નથી જે સામાવાળાની ફરજમાં આવે છે સામાવાળા અરજદારની ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ નથી. જેથી ના છુટકે હાલની આ અરજી કરવાની ફરજ પડેલ છે. આ કામના સામાવાળા આરાધના ટોકીઝ સામે મોબાઇલની ઘરની દુકાનનો ધંધો કરતા હોય દર મહીને રૂા.૪૦,૦૦૦/– ચાલીસ હજાર જેવું કમાય છે તેમજ વેરાવળમાં ઘરના આલીસાન મકાન આવેલ છે. તથા આરાધના ટોકીઝમાં ગ્રાઉન્ડ ફલોરમાં એક દુકાન આવેલ છે. તેઓના સસરા મછીનો ધંધો કરી મહીને રૂા.૨૫,૦૦૦/– પચ્ચીસ હજાર પુરા કમાય છે એટલે તેઓનું ભરણ પોષણ સામાવાળા ઉપર નથી જેથી અરજદારને સામાવાળા તેઓનું માંગ્યા મુજબનુ ભરણ પોષણ આપવા સક્ષમ છે, એટલે અરજદારને રૂ./૧૫,૦૦૦/– પુરા દર મહીને તથા અરજદાર નં.ર ને દવા દારૂ તથા અભ્યાસનો ખર્ચ રૂ./૧૦,૦૦૦/– પુરા જરૂરીયાત રહે છે જે સામાવાળા આસાનીથી આપી શકે તેમ છે. આ કામના સામાવાળાને ત્યાં તેઓનો કર કરીયાવર તથા દર દાગીના વિગેરે સામાવાળા ને ત્યા પડેલ હોય તે અપાવવા તેમજ તેઓ જયારથી તેઓના માવતરે રહે છે ત્યારથી અત્યાર સુધી અરજદારને ભરણ પોષણ મોકલેલ નથી ત્યારથી તેઓનું ત્યાં ઓશીયાળુ જીવન જીવતા હોય અને તેઓ હાલ કાંઇ કમાઇ શકતા નહોય જેથી અરજદાર નં.૧ રૂા.૧૫,૦૦૦/– પુરા દર મહીને તથા અરજદાર નં.૨ ને દવા તથા અભ્યાસનો ખર્ચ રૂા.૧૦,૦૦૦/– પુરા મળી કુલ રકમ રૂા.૨૫,૦૦૦ /– પુરા સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ. આથી ખુબ જ નમ્રતા પુર્વક વિનંતી કરવામાં આવેલ કે, (૧) ધી પ્રોટેકશન ઓફ વુમન ડોમેસ્ટિક વાયોલેશન એકટ–૨૦૦૫ ની કલમ–૧૨ તથા ૧૮ અન્વયે સામાવાળાઓને ડોમેસ્ટિ વાયોલેશન કરતા અટકાવવાનો ન્યાયિક હુકમ ફરમાવવા તથા કલમ–૧૮ (ડી) હેઠળ સામાવાળા અરજદાર કે, તેઓના માતા કે ભાઇ વિગેરે પીયર પક્ષના કોઇ સગા સબંધીને તાર, ટપાલ

કે ટેલીફોન વડે કે રૂબરૂમાં કે અન્ય કોઈ રીતે દબાણ કરવા સંપર્ક કરે નહી તેવો હુકમ ફરમાવવા તેમજ (૨) કાયદાકીય કલમ–૧૯ (૨) હેઠળ સામાવાળાઓ ઉપર જરૂરી શરતો ફરમાવવા તથા ૧૯ (૩) હેઠળ સામાવાળાને જામીન તથા જાત મચુરકો આપવાનું ફરમાન કરવા અરજ કરેલ અને (૩) કાયદાકીય કલમ–૧૯(૮) હેઠળ અરજદારના સ્ત્રીધનના ઘરેણા દાગીના સામાવાળાના કબજામાંથી અરજદારને સત્વરે પરત કરે તેવો ન્યાયીક હુકમ સામાવાળા વિરૂધ્ધ ફરમાવવા તેમજ (૪) કાયદાની કલમ–૨૦ (ડી) અરજદારોને ભરણપોષણ કપડા લતા દવા ખર્ચ તથા શાળા ખર્ચ તથા અન્ય ખર્ચ પ્રતિમાસ રૂ.૨૫,૦૦૦/– રૂપિયાની આર્થિક સહાય (મોનેટરી રીલીફ) આ કામના સામાવાળાઓ આ અરજીની તારીખથી પ્રતિમાસ ચુકવતા રહે તેવો ન્યાચિક હુકમ સામાવાળાઓ વિરૂધ્ધ ફરમાવવા તેમજ (૫) કાયદાની કલમ–૨૨ હેઠળ અરજદારને ઈજા, માનસિક વ્યથા, યાતના, દુ:ખ તથા લાગણી ધવાળવાથી થયેલ માનસિક નુકશાનના વળતરરૂપે આ કામના સામાવાળાઓ અરજાદરને રૂા.૧,૦૦,૦૦૦/– રોકડા ચુકવી આપે તેવો ન્યાચિક હુકમ સામાવાળાઓ વિરુધ્ધ ફરમાવવા તેમજ (૬) અરજદારોને વસવાટ માટે મકાન ભાડે રાખવુ પડે તેમ હોવાથી તેના ભાડાની રકમ પ્રતિમાસ રૂા.૫,૦૦૦/– આ કામના સામાવાળા અરજદારને ચુકવી આપે તવો ન્યાચિક કલમ–૧૯ (એફ) હેઠળ સામાવાળાઓ વિરુધ્ધ હુકમ ફરમાવવા અરજ કરેલ અને (૭) કાયદો એટલે ધી પ્રોટેકશન ઓફ વુમન ફોર ડોમેસ્ટીક વાયોલેશન એકટ–૨૦૦૫ ના પ્રબંધો પ્રમાણે મળવા પાત્ર અન્ય તમામ દાદ તથા દાદો અપાવવા તેમજ (૮) અરજીનો તમામ ખર્ચ અરજદારને સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ.

(૨) અરજદારની સદરહુ અરજી દાખલ કરી સામાવાળાઓને નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવતા, સામાવાળાઓ તેઓના વિદ્ધવાન વ.શ્રી મારફતે નામ. કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. તેઓએ આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજદારની અરજીની મહત્વની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકિકતે જણાવેલ છે કે, અરજદારએ પોતાની અરજીમાં જે રકમ અમો સામાવાળા પાસેથી માંગેલ છે તેવી કોઈ રકમ સામાવાળા અરજદારને ચુકવવા સક્ષમ નથી કે આવી કોઈ રકમની અરજદારને જરૂરીયાત રહેલ નથી. અરજદાર પોતે પોતાના માતા–પિતાના સહયારા મકાનમાં રહે છે અરજદારે પોતે મકાન ભાડેથી રાખેલ નથી અરજદાર પોતે પોતાની અરજીમાં જે આવક

સામાવાળાઓની જણાવે છે તેવી કોઈ આવક સામાવાળાઓની નથી. અરજદાર પોતે વેરાવળ સ્થિત આવેલ એમ.વાય. સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે અને મહીને રૂા. ૭,૦૦૦/–કમાવે છે તેમજ ટ્યુશન કલાસીસ ચલાવી મહીને રૂા.૫,૦૦૦/– કમાવે છે તેમ અરજદાર દર મહીને કુલ રૂા.૧૨,૦૦૦/– જેવી આવક મેળવે છે. અરજદાર પોતે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ હોય, અરજદારને સામાવાળા પાસેથી કોઈ ભરણ પોષણ મેળવવાની આવશ્યક્તા રહેતી નથી અરજદારને સામાવાળા સાથે તલાક મેળવવા હોય જેથી હાલની આ ખોટી અરજી કરી સામાવાળાઓ ઉપર દબાણ લાવવા અને સમાજ માં બદનામી થાય તે માટે હાલની આ ખોટી અરજી કરેલ છે. અરજદાર પોતે પોતાની બહેન સીમરનના લગ્નમાં ગયેલા તે વખતે પોતાના તમામ દાગીના કપડા સાથે લઈ ગયેલા અને પોતાની બહેન સીમરનના લગ્ન વખતથી જ પોતાના માવતરે રોકાઈ ગયેલ છે. અરજદાર જણાવે છે તેવુ કોઈ કરીયાવર અરજદારને આપવામાં આવેલ નથી કે તેવુ કોઈ કરિયાવર સામાવાળાઓના કબજામાં રહેલ નથી. અરજદારને સામાવાળાઓએ કોઈ દુઃખ ત્રાસ આપેલ નથી, માનસિક યાતના પહોંચાડેલ નથી. અરજદારને સામાવાળાઓ માનસિક યાતના સબબ રૂા.૧,૦૦,૦૦૦/– ચુકવી શકે તેવા કોઈ સક્ષમ નથી. અરજદારને માસિક રૂા.૨૫,૦૦૦/– દર મહીને ચુકવી શકે તેવા કોઈ સક્ષમ નથી. આ કામના અરજદારને રૂા.૫,૦૦૦/– મકાન ભાડાના ચુકવી શકીએ તેવા પણ સક્ષમ નથી. સામાવાળાઓ ધ્વારા કહેવા તો કોઈ દુઃખત્રાસ કે માનસિક આધાત આ કામના અરજદાર ને પહોંચાડેલ નથી કે તેઓ ધ્વારા અરજદારને કોઈ મારકુટ કરેલ નથી અરજદાર પોતાની અરજીમાં જણાવે છે તેવું કોઈ બનાવ આજ દિવસ સુધી બનેલ નથી તેમ છતા અરજદાર ધ્વારા ખોટી હકિકતો જણાવી ખોટી અરજી કરેલ હોય રદ થવા પાત્ર છે. એમ સામાવાળા અરજદારને તેડવા માટે તૈયાર છે પરંતુ અરજદારને સામાવાળા નં.૧ સાથે લગ્ન સંસાર ચલાવવો નથી. સામાવાળાઓ ધ્વારા અરજદાર સાથે કોઈ પણ પ્રકારની હિંસા આચરવામાં આવેલ નથી, ત્રાસ આપેલ નથી, દહેજની રકમની માર્ગણી કરેલ નથી કે તેમને માનસિક યાતના થાય તેવું કોઈ કૃત્ય કરેલ નથી. આ કામના અરજદાર પોતાના માવતરે રોકાઈ ગયા બાદ સામાવાળા ધ્વારા તેઓને તેડવા માટેના અનેક પ્રયાસો કરેલા છે સમાજમાં રજુઆતો કરેલ છે તેમ છતાં અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં રહેવા માટે આવેલ નથી. સામાવાળા નં.૧ ના આજે પણ અરજદારને સાથે રાખવા માટે, તેઓની સાથે લગ્ન સંસાર ચલાવવા માટે તૈયાર છે. અરજદારને સામાવાળા નં.૧ સાથે લગ્ન સંસાર ચલાવવુ હોય તો સધ્ધર જામીન પણ આપવા તૈયાર છે. અરજદાર પોતે વિના કારણે

પોતાના માવતરે રોકાય ગયેલ છે. અરજદારના પરીવારજનો કોઈને કોઈ રીતે સામાવાળા ઓને હેરાન કરવા અને તેઓના ઉપર ખોટુ દબાણ લાવવા હાલની આ અરજી કરાવેલ છે. સામાવાળા નં.૧ ના પ્રા.નોકરી કરી રૂા.૧૦,૦૦૦/– મહીને આવક મેળવે છે તેમજ સામાવાળા નં.૧ ના માતા–પિતા વૃધ્ધ ઉમરના છે અને તેમની પણ ભરણપોષણની જવાબદારી તેઓની ઉપર રહેલ છે. અરજદારએ સામાવાળા નં.૧ નો કોઈ વાક ગુનો ન હોવા છતા ખોટી રીતે ત્યાગ કરેલ છે, તેડવા માટેના અનેક પ્રયત્ન કરેલ હોવા છતા તેઓની સાથે રહેવા લગ્ન સંસાર ચલાવવા આવેલ નથી અને સામાવાળા નં.૧ નુ ત્યાગ કરી દિધેલ છે. સામાવાળા નં.૧ ના અરજદાર સાથે તેઓનું લગ્ન સંસાર ચલાવવા તૈયાર છે. અરજદાર ધ્વારા પોતાની અરજીમાં ખોટી હકિકતો જણાવેલ હોય અરજદારની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) અરજદાર તરફે નીચે મુજબનો મૌખક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

***<u>મૌખિક પુરાવો :–</u>***

(૧) આંક :૧૩ થી અરજદાર આફરીનબેન ડો./ઓ. મુસ્તાકભાઈ મુગલ વા./ઓ. જાવેદ સલીમ જમાદારનું સરતપાસ સોગંદનામું.

***<u>દસ્તાવેજી પુરાવો :–</u>***

(૧) આંક :૧૬ થી અરજદારના પુત્ર આમીનના યુનીફોર્મનું બીલ
(૨) આંક :૧૭ થી અરજદારના પુત્ર આમીનની સ્કુલ ફીની પહોંચ
(૩) આંક :૧૮ થી અરજદારના પુત્ર આમીનની સ્કુલ ફીની પહોંચ
(૪) આંક :૧૯ થી અરજદારના પુત્ર આમીનના યુનીફોર્મનું બીલ
(૫) આંક :૨૦ થી અરજદારના પુત્ર આમીનની સ્કુલ ફીની પહોંચ
(૬) આંક :૨૧ થી અરજદારનું મેડીકલ પ્રિસ્કીપ્શન
(૭) આંક :૨૨ થી અરજદારનું મેડીકલ પ્રિસ્કીપ્શન
(૮) આંક :૨૩ થી અરજદારના પુત્ર આમીનના જન્મનું પ્રમાણપત્ર

(૯) આંક :૨૪ થી અરજદારના માતાને ડેંગ્યુ થયેલ તેનું બીલ
(૧૦) આંક :૨૫ થી અરજદારના માતાને ડેંગ્યુ થયેલ તેનું બીલ
(૧૧) આંક : ૨૬ થી અરજદારના માતાને ડેંગ્યુ થયેલ તેનું બીલ
(૧૨) આંક : ૨૭ થી અરજદારનું મેડીકલ પ્રિસ્કીપ્શન
(૧૩) આંક : ૨૮ થી અરજદારના માતાનું મેડીકલ રીપોર્ટ
(૧૪) આંક : ૨૯ થી અરજદારના માતાનું મેડીકલ રીપોર્ટ
(૧૫) આંક : ૩૦ થી અરજદારના માતાનું મેડીકલ રીપોર્ટ
(૧૬) આંક : ૩૧ થી પુત્ર આમીનનું બુકનું બીલ (જલારામ બુક સ્ટોર)

આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આંક–૩૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪) ત્યારબાદ આ કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

***<u>સામાવાળાનો મૌખીક પુરાવા :–</u>***

(૧) આંક–૩૯ થી સામાવાળા નં. ૧ જાવેદ સલીમભાઈ જમાદારનું સોગંદ ઉપર સરતપાસનું સોગંદનામું
(૨) આંક–૫૦ થી કલોજીંગ પુરસીસ

આમ, આ સિવાય અન્ય કોઈ પુરાવા સામાવાળા તરફે રજુ થયેલ નથી.

(૫) અરજદાર તરફે વિ.વ.શ્રી ટી.એન.જેઠવાની તથા સામાવાળા તરફે વિ.વ.શ્રી બી.એમ.સુમરાની લંબાણપુર્વકની દલીલો સાંભળી.

(૬) આ કામમાં આખરી નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, આ કામના સામાવાળાએ અરજદાર વિરૂધ્ધ કૌટુંબિક હિંસાનું કૃત્ય કરેલ છે?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ અરજીના પેરા-૨૭ મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) '' હકારમાં ''

(૨) અંશત: હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર ૧ તથા ૨ :-**

(૮) આ કામે અરજદારે તેઓના આંક-૧૩ વાળા સરતપાસના સોગંદનામામાં આંક-૦૧ વાળી અરજીને સમર્થનકારી પુરાવો આપેલ છે અને પોતાની આંક-૦૧ વાળી અરજીમાં જણાવેલ હકીકતો જ જણાવેલ હોય જેથી તેનું પુનરાવર્તન ટાળવા વિગતવાર હકીકતો જણાવેલ નથી. જયારે આ કામના અરજદારની સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ ધોરણ દશ સુધી ભણેલ છે,અરજદાર એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને સારા દીવસો રહયા ત્યારે તેઓ તેમના સાસરીમા હતી. તેઓની પ્રેગનન્સી ની સારવાર આશા હોસ્પીટલમા ચાલતી હતી, તેઓની પ્રેગનન્સીની

દવા અને તેની સારવાર માટે તેઓને હોસ્પીટલે તેઓના પતિ તથા સાસુ લઈ જતા હતા અને તેનો ખર્ચ તેઓના સાસરી વાળા આપતા હતા. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ કે, આ દરમ્યાન તેઓના શરીરમા લોહીની ઉણપ આવતા અને બાળક ફરતુ ના હોય જેથી ડોકટરે તેઓને દાખલ કરવાનુ કહેતા તેઓના સાસુએ દાખલ કરવાની ના પાડેલ અને ત્યારબાદ એવુ કહેલ કે હુ તને સાચવીશ, પાણી પીવાનુ, દુધ પીવાનુ તેમજ સાતમા મહીને ખોળો ભરવાનો હોય પણ તેઓના મમ્મીને પ્રેસર કરતા છઠો મહીનો પુરો થાય તે પહેલા ખોળો ભરવાની વીધી કરી તેઓના મમ્મી તેઓને તેમના માવતરે લઇ ગયેલા ત્યારબાદનો ખર્ચ તેઓના માવતરે ઉઠાવેલો છે જેમા લોહીનો બોટલો ચડાવેલી અને તે સીવાયનો ખર્ચ તેઓના માવતરે ઉઠાવેલો. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ તેમના માવતરે ગઇ અને ત્યારબાદનો તેઓનો પ્રેગનન્નસી દરમ્યાન અને તે પછીનો ખર્ચ તેમના માવતરે કરેલો તેના કોઇ દસ્તાવેજી પુરાવા તેઓએ આ કામે રજુ કરેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની સરતપાસના સોગંદનામામા આ કામ ના સામાવાળા તેઓને મારકુટ કરતા હોય અને ત્રાસ આપતા હોય તેવુ લખેલ છે જેમા તેઓને ઈજા થયેલ હોય અને તેઓએ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી કે, તેવો કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની સરતપાસમા સામાવાળાએ ચારપાંચ વખત કાઢી મુકેલાની હકીકત લખાવેલ છે તે અંગે તેઓએ કોઇ પોલીસ ફરીયાદ કરેલી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના સાસુ ધરકામ કરી કમાતા હોવાનુ લખાવેલ તે બાબતના કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલા નથી, તેઓના પતિની આવક બાબતે તેઓએ સરતપાસમા જણાવેલ છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના સાસરા પક્ષમા આલીશાન મકાન તેમજ દુકાન આવેલાનુ જણાવેલ છે તે બાબતના કોઈ દસ્તાવેજી પુરાવા તેઓએ રજુ કરેલા નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના પતિ કઇ દુકાન કયા નામથી અને કોની સાથે દુકાન ચલાવે છે તે તેઓની અરજી તથા સરતપાસના સોગંદનામામા જણાવેલ નથી. તેઓને આંક-૧૬ તથા ૧૯ વાળા જે તેઓએ દસ્તાવેજો રજુ કરેલા છે, તે બતાવવામા આવે છે જે જોઇ જણાવે છે કે, આ દસ્તાવેજમા કોઇ ગ્રાહક કે કોઈ વ્યકતીનુ નામ દર્શાવેલ નથી. તેઓને આંક-૧૭, ૧૮, ૨૦ તથા નીશાની ૩૫/૧ વાળા જે તેઓએ દસ્તાવેજો રજુ કરેલા છે, તે બતાવવામા આવેલ જે આ દસ્તાવેજમા ટયુશન ફી હોય, સ્કુલ ફી હોય તેવો કોઇ ઉલ્લેખ કરવામા આવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના સાસુ સસરા તેઓના પતિ સાથે રહે છે.

(૯) આ કામે સામાવાળાએ તેઓના આંક–૩૭ વાળા સરતપાસના સોગંદનામા માં તેઓના વાંધા જવાબને સમર્થનકારી પુરાવો આપેલ છે અને પોતાના વાંધા જવાબમાં જણાવેલ હકીકતો જ જણાવેલ હોય જેથી તેનું પુનરાવર્તન ટાળવા વિગતવાર હકીકતો જણાવેલ નથી. જયારે આ કામના સામાવાળાની અરજદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના પત્ની તથા બાળક માટે તેઓએ આજદીન સુધી કોઈ ભરણપોષણ કે તેઓના બાળકના અભ્યાસ માટેની વ્યવસ્થા કરેલ નથી, તેઓની પત્ની તેઓની સાળીના લગ્ન માટે ગયેલા, લગ્ન વખતે જરૂરીયાત મુજબના જ કપડાને સામાન લઈ ગયેલા, લગ્ન વખતે જરૂરીયાત મુજબના જ કપડા લઈ ગયેલ બાકીનો લગ્ન વખતેનો કરીયાવરનો સામાન તેઓના ઘરે પડેલ છે, તેઓના પત્નીને લગ્ન વખતે આપેલ દર દાગીના આપેલ તે સાચવીને રાખેલ છે. તેઓએ કહેલ કે તે લઈ ગયેલા છે. તેઓ કરીયાવરમાં આવેલ તમામ સરસામાન અરજદારને સોપી આપવા માટે તૈયાર છે. તેઓ જે મોબાઈલનો જે વ્યવસાય કરે છે તે શીખેલ છે. તેઓ નવા મોબાઈલનુ વેચાણ કરે છે અને જુના મોબાઈલનુ રીપેરીંગ પણ કરે છે. આ દુકાનનુ સ્થળ તેઓના કબજા ભોગવટાનુ છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓ કોઈની અન્ડરમા નોકરી કરતા નથી. તેઓ આઠ–દશ હજાર કમાય છે. અરજદારને આવકનો કોઈ સ્ત્રોત નથી. અરજદાર તથા તેઓનું બાળક સંપૂર્ણપણે તેઓના પર નિર્ભર છે. તેઓના પિતા બંદરમા મચ્છીના ધંધામા છૂટક મજુરી કરી અંદાજે રોજ પાંચસોથી સાડા પાચંસો આવક છે. તેઓના પિતાની આવક માથી તે પોતાનુ તથા તેઓના માતાનુ ભરણપોષણ કરે છે. તેઓએ સ્વીકારેલ છે કે, હાલ તેઓના પત્ની તથા તેઓના બાળકની ભરણપોષણની જવાબદારી છે. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓનો પુત્ર બેસ્ટ પબ્લીક હાઈસ્કુલ વેરાવળ ખાતે અભ્યાસ કરે છે, તેઓને માર્ક ૪૮/૧ વાળુ દસ્તાવેજ બતાવવામાં આવેલ જે બેસ્ટ પબ્લીક હાઈસ્કુલ તેઓના પુત્ર અભ્યાસ કરે છે તેની ફી ની રીસીપ્ટ છે, તેઓએ સ્વીકારેલ છે કે, તેઓનો પુત્ર જે સ્કુલમાં ભણે છે. તેની ફી રુપીયા ૪૦૦૦/– છે, તેઓએ સ્વીકારેલ છે કે, તેઓનો પુત્ર જયારે બીમાર પડતો ત્યારે તેઓ તથા તેઓના પત્ની તેને હોસ્પીટલે લઇ જતા, હાલમાં તેઓનો પુત્ર અરજદાર સાથે છે એટલે જયારે તે બીમાર પડે તો તેને અરજદાર હોસ્પીટલે લઇ જાય છે, તેઓના પુત્રની સ્કુલનો સ્ટેશનરી, કપડા, ડ્રેસ, પુસ્તકો વગેરેનો ખર્ચ હાલ અરજદાર કરે છે, તેઓને પ્રશ્ન પુછવામા આવેલ કે, તેઓના

પુત્ર ના સ્કુલ ખર્ચ કે હોસ્પીટલ બાબતનો કોઈ ખર્ચ તમે કરેલ નથી કે આપેલ નથી, તેના જવાબમાં જણાવેલ કે, તેઓની પાસે કોઈ ખર્ચ માંગેલ નથી. તેઓની પત્નીએ તેનુ તથા તેઓના પુત્રનુ જે ભરણપોષણ અરજીમાં માંગેલ છે તે ભરણપોષણ તેઓ ચુકવવા તૈયાર છે તેઓએ સ્વેચ્છાએ જણાવેલ કે, તેઓ તેડી જવા તૈયાર છે.

(૧૦) સદરહુ અરજીના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો અરજદારે તેમની આંક-૧ ની અરજીમાં જે હકીકતો જણાવેલ છે અને જે તકરાર ઉપસ્થિત કરેલ છે તેને પુરવાર કરવા માટે અરજદારે આંક-૧૩ થી તેમની સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે. અરજદારે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી અરજદાર તેમની આંક-૧ ની અરજીમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં અંશત: સફળ નીવડેલ છે. અરજદારે તેમની આંક-૧ ની અરજી ના સમર્થનમાં તેમનો જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરતો કોઈપણ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સામાવાળાઓ નિષ્ફળ નીવડેલ છે. વધુમાં સદરહુ અરજીના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આ કામના સામાવાળાઓએ અરજદારે હાલની અરજી દાખલ કર્યા બાદ આજદિન સુધી તેમના કોઈ ભરણપોષણની વ્યવસ્થા કરેલ હોય અગર તો તેમને ભરણપોષણની રકમ ચૂકવી આપેલ હોય તેવું પણ બનેલ નથી.

(૧૦.૧) સામાવાળા તરફે અરજદારની હાલની અરજી અન્વયે લીમીટેશન બાબતે તકરાર લેવામાં આવેલ છે અને અરજદારની અરજી સમયમર્યાદામા નથી તે અંગે રજુઆત કરતા કહેલ છે કે અરજદાર છેલ્લા ત્રણ વરસથી માવતરે રહે છે અને અરજદારની ૧૦.૦૪.૨૦૨૧ ના રોજ કાઢી મુકયા ત્યારથી માવતરે રહે છે જયારે હાલની અરજી તા. ૧૨.૦૪.૨૦૨૪ ના રોજ એટલે કે ત્રણ વરસ બાદ કરવામાં આવી છે. આમ, અરજદારની અરજી ને સી. આર. પી.સી કલમ-૪૬૮ મુજબ લીમીટેશનનો બાધ નડતો હોય અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૧૦.૨) અરજદાર તરફે લીમીટેશન અંગે રજુઆત કરેલ છે કે, ડોમેસ્ટિક વાયોલેશન એકટ ની સીવીલ રાહે કાર્યવાહી ચાલતી હોય જેથી લીમીટેશનની તકરાર ગ્રાહય રાખી શકાય નહી તેમજ હાલની અરજીમાં સી. આર.પી.સી. કલમ-૪૬૮ ની જોગવાઇ લાગુ

પડતી નથી. અરજદાર તરફે તેમની આ દલીલના સમર્થનમા જમ્મુ એન્ડ કશ્મીર હાઈકોર્ટનો નીચે મુજબનો ચુકાદો રજુ કરેલ છે.

Tilak Raj vs Darshana Devi W/O Tilak Raj on '21 August,2025. ના ચુકાદામા પેરા નં. ૧૭ મા નામદાર જમ્મુ એન્ડ કશ્મીર હાઈકોર્ટ ઠરાવેલ છે કે,

In such a situation of the matter, when the bar of limitations is not applicable to a complaint/application under Section 12 or under Section 23 of DV. Act, the plea raised with regard to limitations is not tenable in the case, as the provision under section 468 CrPC regarding limitation can be made applicable to a complaint under penal provision of Section 31 and 33 of the DV Act, and not to any other application under the DV Act.

આમ ઉપરોકત ચુકાદામા ઠરાવ્યા મુજબ લીમીટેશન એકટની જોગવાઈઓ માત્ર પિનલ પ્રોસીંડીંગ માટે લાગુ પડે છે. અને ડીવી એકટ ની સેકશન–૩૧ મુજબ પ્રોટેકશન હુકમના ભંગ બદલ દાખલ કરવામા આવતી અરજીઓ સી. આર.પી.સી. કલમ–૪૬૮ ની જોગવાઈઓ લાગુ પડે છે. લીમીટેશનની આ જોગવાઈ મેન્ટેઈન્સ એપ્લીકેશન તેમજ અન્ય પ્રોટેકશન માટેની અરજી માટે સી. આર.પી.સી. કલમ–૪૬૮ મુજબ લીમીટેશન લાગુ કરી શકાય નહી. આમ, સદર ચુકાદામા નામદાર કોર્ટે ઠરાવ્યા મુજબ ડોમેસ્ટીક વાયોલેશન એકટ ની કલમ–૧૨ તથા ૧૩ મુજબ કોઈ દાદ માંગવામા આવી હોય ત્યારે લીમીટેશનની કોઈ જોગવાઈ લાગુ પડી શકે નહી. સદર ચુકાદો અરજદારને સંપૂર્ણપણે મદદ કરતા જણાઈ આવે છે જેથી સામાવાળા દવારા અરજદારની અરજીને સમયમર્યાદાનો બાધ નડે છે જેથી અરજદારની અરજી રદ કરવા દલીલ કરેલ છે જે ગ્રાહ્ય રાખવામા આવતો નથી.

**(૧૧)** અરજદારે તેમની હાલની અરજીમાં આ કામના સામાવાળા નં. ૧ મોબાઈલની ઘરની દુકાન હોય માસીક રૂા. ૪૦,૦૦૦/– કમાય છે તેમજ વેરાવળમા આલીશાન મકાન આવેલ છે તથા આરાધના ટોકીઝમા઼ ગ્રાઉન્ડ ફલોરમા એક દુકાન આવેલ છે.

તથા સામાવાળા નં. ૨ મચ્છીનો ધંધો કરી તેમાથી માસીક રૂા. ૨૫,૦૦૦/- કમાતા હોય તેવા કોઈ આધાર પુરાવા રજુ રાખેલ નથી.સામાવાળાએ તેમના આંક-૩૭ ના મૌખીક પુરાવા દરમ્યાન પ્રા. નોકરી કરી માસીક રૂ. ૧૦,૦૦૦/- કમાય તે જણાવેલ છે પંરતુ તે અંગે પણ સામાવાળાએ કોઈ આધાર પુરાવા રજુ રાખેલ નથી. આમ, સામાવાળાની વાસ્તવીક આવક કોર્ટના રેકર્ડ પર આવેલ ના હોય તે સંજોગોમાં પ્રર્વતમાન વેતન ધોરણ મુજબ સામાવાળાની માસીક આવક અન્વયે અનુમાન કરવાનુ રહે તે સંજોગોમાં સામાવાળા શારીરીક સશકત હોય માસીક રૂ. ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦/- કમાતા હોવાનુ માની શકાય તેમ છે. તેમજ સામાવાળા એ હકીકત સ્વીકારે છે કે મારે અરજદાર તથા પુત્ર સીવાય અન્ય કોઇની જવાબદારી નથી.તેમજ સામાવાળાએ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે બંદરમા મજુરી કરી રોજ પાંચસો થી સાડા પાંચસોની આવક મેળવે છે તેમાથી પોતાનુ તથા મારી માતાનુ ભરણપોષણ કરે છે. આમ, સામાવાળાના શીરે તેના માતા પીતાની જવાબદારી નથી તે હકીકત રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલ છે.

**(૧૨)** આમ, સામાવાળાઓ પાસે આવકના પુરતા સાધનો છે અને અરજદાર અને અરજદાર ના એક પુત્ર સિવાય સામાવાળા નં. ૧ ને અન્ય કોઈ જવાબદારી નથી.જો કે અરજદારે પુત્રના અભ્યાસ અને યુનીફોર્મ ફી તથા મેડીકલ અંગેના ખર્ચા ઓની પાવતીઓ રજુ કરેલ છે. જે હકીકત ધ્યાને લેતા અરજદાર તેના પુત્રનો અભ્યાસ નો ખર્ચ અરજદારના શીરે છે. તેરજ સામાવાળાએ આજદીન સુધી અરજદારને કે તેના પુત્રની ભરણપોષણ તથા પુત્રના અભ્યાસ માટે વ્યવસ્થા કરેલ નથી તે સંજોગોમાં સામાવાળા અરજદાર તથા તેમના પુત્રને માસીક ભરણપોષણ ચુકવવા માટે જવાબદાર છે.

**(૧૩)** આમ,આ કામે સામાવાળાની રેકર્ડ ઉપર આવેલી હકીકત તથા તેમના બાળકોના ભરણપોષણ તથા અભ્યાસની જવાબદારી ધ્યાને લેવામાં આવે તો અને આ કામના અરજદારને માસિક રૂા. ૩,૦૦૦/- તથા તેના પુત્ર આમીન જાવીદને માસીક રૂ. ૩,૦૦૦/- ભરણપોષણ ચુકવવી આપવુ યોગ્ય અને વ્યાજબી જણાય છે.

**(૧૪)** વધુમાં, આ કામના અરજદારે પોતાની અરજીમાં કાયદાની કલમ-૧૯(એફ) હેઠળ સામાવાળા પાસેથી અરજદારના વસવાટ માટે રૂ. ૫,૦૦૦/-

ભાડાની માંગણી કરેલ છે પરંતુ અરજદાર ભાડાના મકાનમા રહેતા હોય કે કોઈ માસીક ભાડુ ચુકવતા હોય તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી તેમજ અરજદાર મૌખીક પુરાવો ઘ્યાને લેતા છેલ્લા ત્રણ વરસથી તેઓ તેના માતા પીતાને ત્યાં રહેતા હોય તેવુ જણાઈ આવે છે આમ સદર કાયદાની જોગવાઈ અન્વયે ભાડુ ચુકવતા હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ના હોય જેથી સદર કલમ અન્વયે કોઈ હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવતુ નથી.

**(૧૫).** વધુમા આ કામે અરજદારે પોતાને માનસીક ત્રાસના વળતર રૂ. એક લાખ રકમની માંગણી કરેલ છે, પંરતુ અરજદાર તરફે તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ રાખેલ નથી તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.પંરતુ અરજદાર તરફે રજુ થયેલ મૌખીક પુરાવાનુ મૂલ્યાંકન કરતા શરૂઆતના સમયગાળા દરમ્યાન સારુ રાખ્યા બાદમાં તેમને શારીરીક અને માનસીક ત્રાસ આપતા હતા.તેમજ તેમના માવતરે ચાલ્યા ગયા બાદ પણ સામાવાળા અરજદારનાઘરે આવી ને તલાકના કાગળમા સહી કરી છે તેમ તેને શારીરીક તથા માનસીક ત્રાસ આપેલ છે. આમ, અરજદારને આજદીન સુધી સામાવાળા તરફથી માનસીક ત્રાસ સહન કરેલ છે. જો કે માનસીક ત્રાસ અંગેનુ નાણાંકીય મૂલ્યાંકન આંકી શકાય નહી તેમછતા અરજદારે જે મું ગા મોઢે માનસીક યાતના વેઠેલ છે તે અંગે વળતર આપવાનુ ઉચીત જણાઈ આવે છે ત્યારે સામાવાળાની આર્થીક પરીસ્થિીત પણ ઘ્યાને લેવી જરૂરી જણાઈ છે. આમ, તમામ સંજોગોમાં અરજદારને માનસીક યાતના પેટે રૂ. ૨૫,૦૦૦/- અલગથી ચુકવવાનો હુકમા કરવો ઉચીત જણાઈ આવે છે.

**(૧૬).** વધુમાં, આ કામના અરજદારે પોતાની અરજીમાં કાયદાની કલમ-૧૯(૮) હેઠળ અરજદારના કરીયાવરનો સર-સામાન તથા સ્ત્રી ધનના ઘરેણા જે સામાવાળાઓના મકાનમાં પડેલછે તે કરીયાવરનો સર-સામાન તથા દર-દાગીના સામાવાળાઓના કબજામાંથી અરજદારને સત્વરે પરત કરે તેવો ન્યાયિક હુકમ સામાવાળા વિરૂઘ્ઘ ફરમાવવા

અરજ કરેલ છે, પરંતુ આ કામના અરજદાર નં. ૧ નાએ પોતાના આંક–૧૩ વાળા સરતપાસના સોગંદનામામાં આ બાબતે કોઈ જ પુરાવો આપેલ નથી. પરંતુ તેમાં જણાવેલ સર–સામાન તથા  દર–દાગીનાનું કોઈ દસ્તાવેજી લીસ્ટ કે બીલ  રજૂ કરેલ નથી.

આમ, સદરહુ અરજીના કામે પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા તથા નામદાર સવોચ્ચ અદાલતે Rajnesh Vs. Neha and Anr – (Supra) ના કેસમાં કેસમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે Vanitaben Naranbhai And Ors. vs Naranbhai Raghavbhai Makwana – (Supra) અને Hetalben D/o Ashokbhai Prajapati Vs. Hiteshbhai Sureshbhai Prajapati & 1 Others – (Supra) ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ ઉપર વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ અરજદાર આ કામના સામાવાળાઓ પાસેથી હાલની અરજીમાં માંગ્ય મુજબ ની દાદ મેળવવા હક્કદાર છે. વધુમાં સદરહુ અરજીના કામે પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાથી આ કામના સામાવાળાઓ પાસે આવકના પુરતા સાધનો હોવા છતાં હાલની અરજી દાખલ કર્યા બાદ આજદિન સુધી તેમના ભરણ પોષણની કોઈ વ્યવસ્થા કરેલ ન હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થયેલ છે. આ સિવાય અરજદાર દ્વારા તેના સ્ત્રીધનના ઘરેણા, દાગીના સામાવાળાના કબજામાં હોવાનું અને સ્તવરે પરત કરે તેવો ન્યાયિક હુકમ કરવા અરજ કરેલ છે,  પરંતુ રેકર્ડ જોતાં આવું કોઈ લીસ્ટ રજૂ કરવામાં આવેલું હોય તેવું જણાય આવતું નથી કે અરજદારના ઘરેણા દાગીના, કરીયાવરના સામાન અંગે કોઇ આધાર પુરાવો રજૂ કરેલા હોય તેવું જણાય આવતું ન હોય તે સંજોગોમાં સદર દાદ પણ મંજૂરથવા પાત્ર નથી. નોંધનીય છે કે, અરજદાર પોતાના દર–દાગીના તથા કરીયાવરના સામાન બાબતે કાયદા મુજબ થતી અન્ય કાર્યવાહી કરી શકે તેમ છે. ઉપરના એકંદર સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ “ હકારમાં ”  આપી તથા મુદ્દા નં. ૨ નો જવાબ “ અંશત: હકાર ” આપી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**(૧૭)** આમ, અરજદાર જે બનાવ જણાવે છે તે ઘરની ચાર દિવાલની અંદરનો બનાવ છે, ત્યારે અરજદાર સિવાય કોઈ અન્ય વ્યકિત આ અંગે સાચી હકીકત જણાવી શકે નહીં, અરજદારે એક ભારતીય નારી છે અને તે કોઈપણ ચોકકસ કારણ વગર પોતાનું સાસરૂ છોડી તેના પિયરમાં રહે તેવી હકીકત માની શકાય નહીં. તેમજ અરજદાર તરફે જે કોઈ હકીકત અંગેનો પુરાવો આપેલ છે, તે હકીકતને રક્ષા અધિકારીના આંક-૦૪ વાળા રીપોર્ટથી સમર્થન મળે છે. આમ, આ કામના અરજદાર એવું પુરવાર કરી શકેલ છે કે, સામાવાળાઓએ અરજદાર સાથે કૌટુંબિક હિંસાનું કૃત્ય આચરેલ છે, જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય ''હકારમાં '' ઠરાવું છું.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આથી અરજદારની હાલની અરજી અંશત: મંજૂર કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) સામાવાળા નં. ૧ નાએ અરજદારને માસિક રૂા. ૩૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) તથા અરજદાર નં. ૨ ને માસીક રૂ. ૩૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) એમ કુલ મળી માસીક રૂપીયા-૬,૦૦૦/- ( અંકે રૂપીયા છ હજાર પુરા) અરજી કર્યાની તારીખથી દર માસે નિયમીત રીતે ચઢેચઢયા ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળાઓએ અરજદારને માનસિક શારીરિક ત્રાસના વળતર પેટે રૂા. ૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) હુકમ તારીખ થી એક માસમાં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૪) સામાવાાળઓએ અરજદારને શારીરિક માનસિક ત્રાસ થાય તેવું કૃત્ય કરવું, કરાવવું નહીં તેમજ કૌટુંબિક હિંસા આચરવી નહીં.

(૫) સામાવાળા નં. ૧ નાએ અરજી ખર્ચના રૂા. ૫૦૦૦/– અરજદારને અલગથી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૬) સામાવાળાઓ જે પોલીસ સ્ટેશનની હકૂમતમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનમાં હુકમ અંગેની જાણ કરવી.

(૭) આ હુકમની એક ખરી નકલ અરજદારને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૫મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૬

**(જયશ્રી દિપકકુમાર અમીન)**
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ.
(કોડ નં. જીજે૦૦૯૦૫)